જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૯/૧૦/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૭૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૨૭૧ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૦૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૭૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૭૮/૨૦૨૩

**શાહીબાગઃ** મોનાબહેન વા/ઓ પ્રસન્નભાઈ પટેલ (ઉ.વ.૫૪)(રહે.પિનાકીન સોસાયટી નિરવ ફ્લેટની બાજુમા શાંતીવન, પાલડી) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૩ સવારના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન હનુમાન કેમ્પ મંદિરના ગેટ સામે આવેલ શૌચાલયના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ પોતાની કારનો ડ્રાઈવર સાઇડનો પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી બે પર્સ ચોરી કરી લઇ ગઇ હતી. જે બંનેમાં પર્સમાં રોકડ રૂપિયા ૩૦,૦૦૦/-, ડી.ડબ્લ્યુ. કંપનીની ઘડીયાળ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**દરીયાપુરઃ** બાલમુકુંદભાઈ બંશીલાલ જેથલીયા (ઉ.વ.૫૩)(રહે.અયોધ્યાનગર સોસાયટી શાંતિનગર ઉસ્માનપુરા વાડજ) એ તા.૨૮/૧૦/૨૦૨૩ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે દરીયાપુર ફ્રૂટ માર્કેટ પાન માર્કેટ સામે “અગ્રવાલ ફ્રૂટ” દુકાનની બહાર પાર્ક કરેલ પોતાની કારમાં મુકેલ બેગ રોકડ રૂપિયા ૧,૧૭,૦૦૦/-, સોનાનુ પેંડલ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

**સરખેજ**: ખલીલભાઈ એહમદભાઈ શેખ (ઉ.વ.૫૪)(રહે.મુબારક સોસાયટી, રોયલ અકબરની પાછળ જુહાપુરા વેજલપુર) એ તા.૨૮/૧૦/૨૦૨૩ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૩ સવારના ૯/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ, ધોળકા સર્કલ સામે ચૌહાણ કોમ્પ્લેક્ષ ખાતે આવેલ "આશા" હોલસેલ ગોડાઉન આગળ મુકેલ વિમલ પાન મસાલાના બે કટ્ટા તથા બે તમાકુ ભરેલ બોરી મળી કુલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭૯/૨૦૨૩</u>**

**કૃષ્ણનગરઃ** પ્રફુલભાઈ કેશવજીભાઇ લાલકીયા (ઉ.વ.૬૨)(રહેરોયલ સીટી સેક્ટર મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટ પાસે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૧૦/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિરાજસિંહ નટુભા ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** વિકાસભાઇ બિપીનભાઇ પાંડે (ઉ.વ.૨૩)(રહે.હરીઓમ પાર્ક વિભાગ-૨ વટવા મુળ વતન ગામ:વિશ્વરૂપ થાના:નગરા પો.સ્ટ:લ્હસની જી-બલીયા ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૩ ના કલાક ૦૦/૪૫ વાગ્યા પહેલા જીઆઇડીસી વટવા ફેઝ-૧ પ્લોટ નં-૫૭/૩૪૫ "એકમી એર એક્વાયરમેન્ટ" પ્રા.લી.કંપનીના ડ્રેસીંગ(ચેંચીંગ) રૂમ ખાતે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી